


ભૂખ ભૂંડી છે અને ભૂખ કરતાં પણ ભૂંડી છે ભીખ

ઈરાનમાં લોકો જીવતેજીવ પોતાનાં અંગ વેચી રહ્યા છે...

'મા' નવીની ભવાઈ'નો કથાનાયક કાળુ છપ્પનિયા દુકાળ વખતે પેટની આગ ઠારવા નાછૂટકે સુંદરજી શેઠે ઉદારતાપૂર્વક શરૂ કરેલા અન્નક્ષેત્રમાં ધર્માદા મળતું અનાજ લેવા લાઈનમાં તો ઊભો રહે છે, પણ એનો માંહ્યલો એને સતત ટપારે છે. એનાથી પોતાના કરતાં પણ નાજુક નમણી રાજુની પીડા વેઠાતી નથી એટલે જગતનો તાત થઈને શેઠ તરફથી મળનારી 'ભીખ' લેવા ઊભો રહ્યો છે, પરંતુ એના હૈયે કાળી કળેળાટી વલોવાઈ રહી છે. એ વિચારે છે કે ભૂખ તો ભૂંડી છે જ; પણ એને ઠારવા ખેડૂતનો દીકરો થઈ ભીખ સ્વીકારવી પડે એ તો માથું વાઢ્યા જેવું જ લાગે. ખેડૂત તો અનાજ પકવનારો. એના ખળામાં અનાજના ઢગલા ખડકાય ત્યારે એ ખુલ્લા દિલે એનું ગરીબગુરબાને વિતરણ કરવામાં ગૌરવ અનુભવે. ચોર ખાય, મોર ખાય, ઢોર ખાય અને પછી વસવાયાં, ગરીબગુરબાં અને સાધુ-ફકીર જે કોઈ આવી ચડે એ રાજીખુશીથી તોલ્યા વગર મણ-બે મણ લેતા જાય. ખેડૂતનો જીવ તો એથી હરખાય. બલકે છેવાડે રહેતો મફો રાવળ કે સેંધો સફાઈ કામદાર કેમ ન દેખાયો એની ફિકર રહે. એમને એમના પાડોશીઓની સાથે ખળું લઈ જવા સંદેશો મોકલે ત્યારે એને જંપ વળે.

સ્વમાની ખેડૂતને કોઈ સામે હાથ લંબાવવો ન ગમે. બલકે ખેડૂતને જ કેમ, રોજ રળીને રોજ ખાનારા મજૂરને પણ મજૂરીના પૈસા ખર્ચીને ખરીદેલી દસ રૂપિયાની કાગળના કપમાં મળતી ચા પીવી ગમે છે. આ સ્વમાનની વૃત્તિ ઓછાવત્તા પ્રમાણમાં પ્રાણીઓમાં પણ વિકસી છે. સ્વમાન માનવીને આત્મબલિદાન અને આત્મવિલોપન પર્યંત ઊંચકી શકે છે. પશુઓને જ્ઞાન નથી કે પોતાના શરીરમાં પણ માણસને હોય એવાં જ અંગો હોય છે. એટલે માણસ પોતાની પ્રિય વ્યક્તિને બચાવવા કિડની આપી શકે છે એમ ગાય એની કિડની ફેલ થઈ જવાથી મોત તરફ ધકેલાઈ રહેલા સાંઢ કે વાછરડાને એવી ઓફર કરી શકતી નથી. હા, પ્રાણીઓનાં અંગોને મરણાસન્ન માનવીના શરીરમાં ટ્રાન્સપ્લાન્ટ કરવાના ક્રૂર પ્રયોગો સ્વાર્થી માનવજાત ઘણાં વર્ષોથી કરી રહી છે અને એમાં એને આંશિક સફળતા પણ મળી છે!

માણસજાતની સ્વાર્થવૃત્તિ વખાણવા જેવી નથી, પણ માણસ સૌથી બુદ્ધિશાળી પ્રાણી હોવાથી એણે બાકીની બધી જ જીવસૃષ્ટિનું દોહન કરીને પોતે સુખી થવાની બાબતને પોતાનો વિશેષાધિકાર માની લીધો છે. એટલે એ મૂઠીભર કરુણાસમર્થકોની કાગારોળને ગણકારવાનો નથી. એણે તો એના ભગવાનના મોઢે જ બાઈબલથી લઈ કુરાન જેવા ધર્મગ્રંથોમાં કહેવડાવ્યું છે કે હે માનવી, આ સમગ્ર જીવસૃષ્ટિ મેં તારા માટે જ સરજી છે. એનો યથેચ્છ ઉપયોગ અને ઉપભોગ કરજે. મનગમતા જીવોને મારી ખાજે અને વૃક્ષોનું નિકંદન કાઢતો રહેજે.

માનવીની આ સ્વકેન્દ્રી માનસિકતા જરૂર વખોડવા પાત્ર ગણાશે, પરંતુ એનામાં નિરંતર ધબકતી ભીખ નહીં સ્વીકારવાની સ્વમાની વૃત્તિ તો વખાણવા લાયક જ ગણવી રહી.

આજે હવે એ જ 'સ્વમાની માનવી' ઈરાનમાં પન્નાલાલ પટેલની નવલકથાના નાયક કાળુ જેવી વિકટ પરિસ્થિતિનો ભોગ બની ગયો છે. ત્યાં છપ્પનિયા દુકાળ કરતાં પણ વધારે ખરાબ પરિસ્થિતિ પ્રવર્તે છે. દુકાળ તો કુદરતી કેર હતો, અહીં તો માનવીના અહંકારે કાળો કેર વર્તાવ્યો છે. અમેરિકા અને ઈઝરાયેલની જુગલબંધી સામે લોહીના છેલ્લા બૂંદ લગી ટકી રહેવાની અને ટક્કર લેવાની જીદ દેખીતી રીતે જ એ ઈસ્લામિક દેશને ભારે પડી ગઈ છે. દુનિયાના જમાદાર અમેરિકાએ વિવિધ આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો લાદી એની કમર તોડી નાખી છે. એને ચારે બાજુથી ઘેરી લઈ સાવ નાદાર અને ખોખલું બનાવી દીધું છે અને હવે તે એવી દયાજનક સ્થિતિમાં આવી ગયું છે કે ઈરાનના સ્વમાની કાળુઓએ ભૂખનાં માર્યાં પોતાના શરીરનાં અંગો વેચવા માંડ્યાં છે.

મનકા સિતાર
કેશુભાઇ દેસાઇ

ટેલિગ્રામ પર છેલ્લા કેટલાક સમયથી દર ત્રીજી જાહેરાત માનવીનાં અંગો વેચવાની આવતી હોય છે. ત્યાંના લોકો છડેચોક પોતાનાં કિડની, લિવર, બોનમેરો અને કોર્નિયા જેવાં અંગો વેચવાની જાહેરખબર આપી રહ્યા છે. કોઈ બાપ એની દીકરીના શિક્ષણ કે લગ્ન માટે તો કોઈ માતા એનાં બાળકોના શિક્ષણ કે ભવિષ્ય માટે પોતાના જીવતા શરીરમાંથી ધબકતું અંગ કપાવવા ઉત્સુક છે. તબીબી વિજ્ઞાને માનવશરીરની એનાટોમી-શરીરરચના હવે કોઈથી અજાણી નથી રહેવા દીધી. કુદરતે દરેક પ્રાણીને કેટલાંક 'વાઈટલ' અંગ બબ્બેની સંખ્યામાં આપેલાં છે. કિડની, ફેફસાં બબ્બે હોઈ એક કાઢી નાખવા છતાં માણસ યથાવત્ જીવી શકે છે. લિવરનો ટુકડો

માણસ પોતાની પ્રિય વ્યક્તિને બચાવવા કિડની આપી શકે છે એમ ગાય એની કિડની ફેલ થઈ જવાથી મોત તરફ ધકેલાઈ રહેલા સાંઢ કે વાછરડાને એવી ઓફર કરી શકતી નથી

કાપીને જરૂરિયાતવાળા લિવર ફેલ્યોરના દરદીને બેસાડી આપી એનું જીવન બચાવી શકાય છે. લિવરના ટુકડાનો બીજા શરીરમાં વિકાસ થતાં એ નોર્મલ જીવન પામે છે. એ જ રીતે બોનમેરો અર્થાત્ અસ્થિમજ્જાનું આરોપણ કરી જીવલેણ બ્લડ કેન્સર સામે ઝીંક ઝીલી શકાય છે. સ્વસ્થ માનવીનાં હાડકાંમાં તો અઢળક અસ્થિમજ્જા હોય છે. જેને લ્યુકેમિયા થાય છે એની અસ્થિમજ્જા કાચા શ્વેતકણો પેદા કરે છે, જે ચેપ સામે રક્ષણ કરવાની ક્ષમતા ધરાવતા નથી. એને સ્વસ્થ અસ્થિમજ્જા મળે તો એને રીતસર જીવતદાન મળી જાય છે.

કોર્નિયા એટલે કીકીનું શ્યામસલોણું ઢાંકણું. નેત્રદાનમાં આ કોર્નિયા જ કામ લાગે છે. માનવી પોતાની એક આંખથી જોવા જેવું બધું જ જોઈ શકે છે એટલે સ્વજન કે પ્રિયજન માટે એ જીવતેજીવ એક આંખનો કોર્નિયા જરૂર આપી શકે.

પરંતુ અહીં ઈરાનમાં જે કંઈ જાહેરખબરો નીકળે છે એમાં રાજીખુશીથી અંગદાન આપવાની વાત જ નથી. અહીં તો લાચાર માનવીનાં આવાં અંગોની હરાજી બોલાઈ રહી છે. કોઈ બાપ પોતાની દીકરી પરણાવવા માટે કે કોઈ માતા એનાં બાળકોને સારી જિંદગી મળી શકે એ માટે પોતાનાં અંગો ખુલ્લા બજારમાં વેચવા તૈયાર થઈ જાય ત્યારે જરૂર અરેરાટી અને અનુકંપા જાગે. એ જરા જુદી ભાતની 'ઈરાન બ્રાન્ડ' માનવીની ભવાઈ છે, મજબૂરી છે... એ એક અત્યંત દારુણ દેહવિક્રય જ ગણાય. પરંપરાગત દેહવિક્રય તો સમજણનો સોદો હોય છે અને એમાં સ્ત્રીની મજબૂરી પણ એક તબક્કે આનંદની પરાકાષ્ઠાએ પહોંચી જતી હોય છે. સ્વેચ્છાએ આ વ્યવસાય સ્વીકાર્યા પછી એવી સ્ત્રી ગ્લાનિ કે લઘુતાગ્રંથિ પણ નથી અનુભવતી. અમારી યોનિ છે અને અમે એનો ઉપભોગ કરવા દઈએ છીએ, એમાં બીજાને શું? અમારી પાસે વેચવા જેવું બીજું કંઈ નથી એટલે અમે શરીર વેચીએ છીએ. એ અમારી આજીવિકા છે અને અમે પ્રામાણિકપણે, પૂરી ઈમાનદારીથી એ કરીએ છીએ.

આપણે દેહવિક્રયના આ યુગોથી ચાલી રહેલા વ્યવસાયને સુગાળવી નજરે જોઈએ છીએ અને છતાં એની અનિવાર્યતાનો સ્વીકાર કરીએ જ છીએ. બલકે મનમાં તો પુરુષમાત્રને એનો એવો અસહ્ય ઉન્માદ અને આકર્ષણ રહ્યા કરે છે કે એ ચોરીછૂપીથી કોઈ સ્પા કે ટુરિસ્ટ ડેસ્ટિનેશન પર એનો સ્વાદ માણી લેવાની તક ઝડપી લેવા આતુર રહે છે. આમ જુઓ તો એ 'કુદરતી' વૃત્તિ છે, એ પ્રાકૃત માનવીની અસલિયત છે. પરંતુ ઈરાનના લોકોને જે અંગવિક્રય કરવાની નોબત આવી પડી છે એ તો નરી લાચારી છે. દેહવિક્રયના પરંપરાગત ધંધામાં શરીરનું કોઈ અંગ કાપીને વેચવાનું નથી હોતું. આકર્ષક અંગો અને ગોળાટો સાથે મર્દન-ગલીપચી અને યૌન અંગોના ઘર્ષણ પછી તો ઊલટાનો ઉભય પક્ષે આનંદની ચરમસીમાનો જ અનુભવ થાય છે. સ્વજન કે પ્રિયજન માટે અંગદાન વળી જુદી જ કર્તવ્યપરાયણતા અને સ્વૈચ્છિક ત્યાગની અનુભૂતિ બની જાય છે. એમાં મુદ્દલ લાચારીની ભાવના નથી રહેતી.

ઈરાનની ઘટનાને દરેક દેશે ખૂબ ગંભીરતાથી લેવાની જરૂર છે. માનવીની જિંદગીને આવી લાચારીભરી હાલતમાં ધકેલી દેવામાં આવે તો જિંદગી જીવવા જેવી નહીં રહે. એના કરતાં કદાચ કતલખાને કપાતાં ઘેટાં-બકરાંની જિંદગી વધારે સુખદ ગણાય, કારણ કે એમને મોતની પીડાનો અણસાર આવે એ પહેલાં એક ઝાટકે જ મોતના મુખમાં ધકેલાઈ જવાનું હોય છે. વળી એમને જીવતેજીવ કટકે કપાવાની વેદના નથી વેઠવી પડતી. હરણનો શિકાર કરનાર શિકારી કે હિંસક પ્રાણી એને ફક્ત થોડા વખત માટે જ પીડા પહોંચાડે છે. આજીવિકા માટે અંગ કપાવનાર માનવી જીવશે ત્યાં સુધી એ વિકટ પરિસ્થિતિને યાદ કરી-કરીને માનસિક રીતે હિજરાતો રહેશે. એને દેશ અને વિદેશ બેઉ અળખામણાં લાગશે. બલકે એ ફરી કદી માણસ તરીકે અવતાર ન મળે એવી પ્રાર્થના કરશે. ઈરાનની ભૂખી ડાંસ પ્રજાને ટ્રમ્પ અને નેતન્યાહુ જેટલી જ નફરત આખી દુનિયા સામે બાથ ભીડીને પ્રજાજનોને જીવતેજીવ દોજખમાં ધકેલી દેનારા એના પોતાના દેશના ધાર્મિક અને રાજકીય નેતાઓ પ્રત્યે હશે. ડરની મારી બોલી ન શકે અને વટ ખાતર દેશપ્રેમના કે ઈસ્લામિક શાસનના જયકારા કરવા પડે એ તો એની લાચારી છે.

અનુસંધાન પાના ત્રણનું

કબીરા ખડા બજાર મેં

બેનોઈટના કહેવા પ્રમાણે ચીની ઉત્પાદકો લાંબા સમય માટેની ગેમ રમી રહ્યા છે. અમેરિકામાં નહીં તો અમેરિકાના ઉબરા જેવા ગણાતાં પડોશી દેશો મેક્સિકો, કેનેડા વગેરેમાં ચીની ગાડીઓ પહોંચી ગઈ છે. મેક્સિકો ચીની ગાડીઓના ટોચના આયાતકાર દેશોમાંનો એક છે. કેનેડાએ પણ ચીન સાથે કરારો કર્યા છે. આ લખાઈ રહ્યું હતું તે સમયની આસપાસ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ચીનની મુલાકાતે હતા. રશિયાના પુતિન પણ આવ્યા હતા. ત્યાં તેઓએ દુનિયામાં શાંતિ સ્થાપવા માટે અણુશસ્ત્રો ઘટાડવા પર સહમતિ દર્શાવી. એ પણ શક્ય છે કે વારંવાર આ રીતે મળવાથી દુનિયાનાં માધ્યમોમાં જે પબ્લિસિટી મળે છે તે પામતા રહેવાની તેઓને આદત પડી ગઈ હોય. પરંતુ નંબર એક બનવાની જે સ્પર્ધા છે તે હંમેશાં તીવ્ર રહેવાની. પ્રમુખ ટ્રમ્પ એકસાથે અનેક અરમાનો, ઉમંગો સેવીને પીડાઈ રહ્યા છે. કેટલાંક અરમાનો એમની પ્રકૃતિથી વિરુદ્ધ છે. જેમ કે, નોબેલ પારિતોષિક માટેની એમની આશિકી. દુનિયામાં યુદ્ધ આચરીને શાંતિદૂત બનવાની ખેવના માટે જગતના સ્ટેજ પર આવાં ગતકડાં યોજાતાં રહે છે. પરંતુ શું સાપ અને નોળિયા વચ્ચે મિત્રભાવ શક્ય છે? પ્રમુખ ટ્રમ્પ બીજા કે ત્રીજા ઘડીએ શો નિર્ણય લેશે તે તેઓ પોતે પણ જાણતા હોતા નથી. જે રીતે અચાનક રશિયન તેલ ખરીદવાનો નિર્ણય લીધો તેમ ચીની ગાડીઓની વિના-જકાત આયાતને મંજૂરી આપે. પરંતુ અમેરિકાની અબજો ડોલરની ઓટો ઇન્ડસ્ટ્રી તેમને સ્વતંત્રપણે નિર્ણય લેવા દેશે નહીં. આ વરસના પ્રારંભમાં તેઓ ડેટ્રોઇટ ગયા હતા. ત્યાં બોલ્યા હતા કે ઓટો ઇન્ડસ્ટ્રીમાં ચીન સહિત બીજા દેશો દ્વારા અમેરિકામાં નાણાં-રોકાણ થાય તેને આવકારશે. એમના આ નિવેદનથી અમેરિકન ઓટો ઇન્ડસ્ટ્રીના માંધાતાઓ ઊંઘમાંથી બેઠા થઈ ગયા હતા. ત્યારબાદ મે મહિનામાં ટ્રમ્પ અને ચીની પ્રમુખ શી જિન-પિંગ વચ્ચે બેઇજિંગ ખાતે બેઠક યોજાવાની હતી ત્યારે અમેરિકાના શાસક અને વિરોધ પક્ષના સાંસદોએ પ્રમુખ ટ્રમ્પને બરાબર સમજાવીને ચીન મોકલ્યા હતા કે ચીની ગાડીઓને અમેરિકાથી બહાર રાખવાના મુદ્દે તમે નમતું જોખતા નહીં. ચીની ગાડીઓના પ્રવેશને સરળ બનાવવાનું વચન આપીને પાછા ફરશો નહીં. જોકે ચીન માટે અમેરિકા એક મહત્ત્વનું મોટું બજાર પુરવાર થઈ શકે છે. કેનેડામાં ચીની ઈવી વાહનોની આયાત પર છ ટકાથી સહેજ વધુ આયાત જકાત લાગુ પડે છે. અમેરિકામાં બંને મુખ્ય રાજકીય પક્ષોના સાંસદોને અમેરિકાની ઓટો ઇન્ડસ્ટ્રી દ્વારા ફંડ મળે છે. આથી કદાચ તેઓ અણુશસ્ત્રો પર પ્રતિબંધ મૂકશે, પણ ચીની ગાડીઓને સરળતાથી આવકારશે નહીં. ચીનાઓ પણ અમેરિકી ટેરિફ દૂર થાય તે માટે ખાનગીમાં અઢળક પ્રયત્નો કરી રહ્યા છે, પણ જાહેરમાં ચીની કંપનીઓ કહે છે કે અમેરિકાની કાર-માર્કેટમાં પ્રવેશવાની તેમની કોઈ યોજના નથી.

આ લખાય છે ત્યાં સુધી, લગભગ છેલ્લા અગિયાર મહિનામાં સ્થિતિ બદલાઈ નથી. છતાં અમુક રીતે ચીની કાર બ્રાન્ડ્સ અમેરિકામાં અમેરિકનોના માનસમાં પ્રવેશવામાં સફળ થઈ છે. આ વરસના પ્રારંભમાં અમેરિકામાં નવાં વાહનો ખરીદનારા ગ્રાહકોનો એક સર્વે કરાયો હતો, જેમાં ત્રીજા ભાગના ગ્રાહકોએ કહ્યું હતું કે ઉપલબ્ધ હોત તો તેઓએ ચીની ગાડી ખરીદવાનું પસંદ કર્યું હોત. અગાઉના વરસના સર્વેની સરખામણીમાં ચીની ગાડીઓ ખરીદવા ઇચ્છતા લોકોની સંખ્યામાં અઢાર ટકાનો વધારો થયો છે અને હજુ એ સંખ્યા વધતી રહેશે. ન્યૂ જર્સી, અમેરિકામાં માર્કેટીસ બ્રાઉનલી નામના મીડિયા ટેક ઇન્ફ્લુએન્સર છે. યુટ્યુબ પર તેમના બે કરોડથી વધુ સબસ્ક્રાઇબર્સ છે. ગયા ડિસેમ્બરમાં તેમણે 'શ્યાઓમી એસયુ સેવન' કારનો રિવ્યુ પોસ્ટ કર્યો હતો, જેને લગભગ એક કરોડથી વધુ લોકોએ જોયો હતો. શ્યાઓમીના ટિકટોક ફોલોઅર્સમાં પણ આ પ્રકારના વિડિયોઝને કારણે વીસ ટકાનો વધારો થયો છે. આ પ્રકારના વિડિયોઝ વાયરલ થાય ત્યારબાદ હોંગકોંગની એક કંપની, જે ચાઇનીઝ ગાડીઓની નિકાસનો બિઝનેસ કરે છે, તેને મળતી ઇન્ક્વાયરીમાં અસાધારણ વધારો થાય છે. વર્ષ ૨૦૨૪માં ત્યારના પ્રમુખ જો બાઇડેને ચાઇનીઝ ઇવીઝ પર એકસો ટકાનો ટેરિફ લાદ્યો હતો. આ ઉપરાંત દુનિયાના જે દેશો દ્વારા ચીની સ્પેરપાર્ટ્સ વાપરીને ગાડીઓનું ઉત્પાદન થતું હોય એ ગાડીઓની આયાત પર પ્રતિબંધ મૂક્યો હતો. બાઇડેન સરકારે શંકા વ્યક્ત કરી હતી કે ચીની બનાવટની ગાડીઓનું સોફ્ટવેર હેક થઈ શકે છે, તેમ જ ચીની સોફ્ટવેર અમેરિકન ઇન્ફ્રાસ્ટ્રક્ચરની સંવેદનશીલ બાબતોની ચીન માટે જાસૂસી કરી શકે છે. એક કારને સમુદ્રમાર્ગે અમેરિકા સુધી મોકલવાનો ખર્ચ બે હજાર અમેરિકી ડોલરની આસપાસ પડે છે. છતાં ડ્યુટી ન હોય તો અમેરિકનોને તે પરવડે એ ચીનની કમાલ છે. અમેરિકાને ભરોસો છે કે વગર અવરોધે ચીની બનાવટની ગાડીઓ અમેરિકા આવશે તો અમેરિકાની કંપનીઓનો સત્યાનાશ વળી જશે. ચીન દ્વારા થતું માર્કેટિંગ પણ આક્રમક છે. ચીનની અનેક કાર ઉત્પાદક કંપનીઓ અન્ય મીડિયા કંપનીઓને કોન્ટ્રેક્ટ આપીને દુનિયાના અને ખાસ કરીને અમેરિકાના સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સરોને મોટી ફી આપીને રોકે છે. તેઓના શૂટિંગના ખર્ચાઓ ઊઠાવે છે. જેમ કે, આગળ જેનો ઉલ્લેખ કર્યો છે એ રિચર્ડ બેનોઇટનો અલાસ્કા જવાનો તમામ ખર્ચ ચીનની ડીકાર કંપનીએ ઊઠાવ્યો હતો. આ સિવાય એક ચીની ઈવી કાર ખરીદી શકાય એટલી રકમ ફી તરીકે ચૂકવવામાં આવે તે જુદી. બીજી રીતે જોઇએ તો ઇન્ફ્લુએન્સરો વડે અથવા મારફતે કરાતી આ જાહેરખબરો જ હોય છે. ફરક એટલો કે તેની સાથે ઇન્ફ્લુએન્સરની વ્યક્તિગત આબરૂ પણ જોડાયેલી હોય છે. પરંતુ દુનિયામાં એક મોટો વર્ગ આબરૂ કરતાં પૈસાને વધુ મહત્ત્વ આપતો હોય છે. વિડિયો પોસ્ટ કર્યા બાદ બીજી કાર કંપનીઓ દ્વારા બેનોઇટની ડિમાન્ડ વધી ગઈ છે. ઝીક કંપની દ્વારા બેનોઇટની સેવા લેવામાં આવી. તેમાં પણ તેઓ ઝીકની કેટલીક વૈભવી ગાડીઓની પ્રશંસા કરે છે. બીજા અનેક અમેરિકન કાર ઇન્ફ્લુએન્સર્સના કામમાં તડાકો પડ્યો છે. અમુક ઇન્ફ્લુએન્સર્સ ચીન જઈ ચીનની કાર નિર્માતા કંપની સાથે સીધો કોન્ટ્રેક્ટ કરે છે. ફોરેસ્ટ જોન્સ નામના પ્રભાવકના ટિકટોક પર ૮૯ લાખ ફોલોઅર્સ છે. તેઓ કહે છે કે, "અમેરિકામાં એ ચીની ગાડીઓ મળતી નથી ત્યારે તેના વિશે વાત કરવી તે વિવાદ બની રહે છે, છતાં તેઓ માને છે કે સ્પર્ધાને કારણે ઉદ્યોગો તંદુરસ્ત બને છે." તેઓ કહે છે કે કમસે કમ સ્થાનિક નિર્માતાઓ પાસેથી કેવી અપેક્ષા રાખવી તેનું શિક્ષણ ગ્રાહકોને મળે છે.

માણસ પાસે બધું છે, પણ સંતોષ કેમ નથી?

આજના માણસ પાસે સુખી રહેવા માટે જરૂરી ગણાતી લગભગ દરેક વસ્તુ છે. ઘરમાં એસી છે, હાથમાં સ્માર્ટફોન છે, મુસાફરી માટે વાહન છે, મનોરંજન માટે ઓટીટી પ્લેટફોર્મ છે અને એક ક્લિકમાં ઘરે બેઠાં જોઈતી વસ્તુ મળી જાય તેવી સુવિધા છે. છતાં માણસના ચહેરા પર સંતોષનો અભાવ જોવા મળે છે. પહેલાં સુવિધાઓ ઓછી હતી છતાં લોકો પાસે વાતો કરવા માટે સમય હતો, સંબંધોમાં આત્મીયતા હતી અને નાની ખુશીઓમાં પણ મોટો આનંદ મળતો હતો. આજે સુવિધાઓ વધી છે, પરંતુ ખુશી જાણે વધુ મોંઘી થઈ ગઈ છે. સવાલ એ છે કે માણસની જરૂરિયાતો પૂરી થતી નથી કે પછી તેની ઇચ્છાઓનો કોઈ અંત જ નથી?

આજના અસંતોષનું એક રસપ્રદ કારણ છે સતત અપગ્રેડ થવાની માનસિકતા. મોબાઇલ બરાબર ચાલતો હોય છતાં નવું મોડેલ બજારમાં આવે એટલે જૂનો મોબાઇલ નકામો લાગવા માંડે છે. ટીવી સારું ચાલતું હોય તો પણ મોટી સ્ક્રીન જોઈએ છે. કાર સારી હોય તો પણ નવી ડિઝાઇન આકર્ષે છે. હવે વસ્તુઓની ઉપયોગિતા કરતાં તેની નવીનતા અને બજારમાં તેની સ્થિતિ મહત્ત્વની બની ગઈ છે. આપણે વસ્તુઓનો ઉપયોગ ઓછો અને તેના નવા મોડેલની રાહ વધુ જોવા લાગ્યા છીએ. જાણે જીવન જીવવા કરતાં જીવનને સતત અપગ્રેડ કરવાનું જ આપણું લક્ષ્ય બની ગયું છે.

સંતોષનો અર્થ મહત્ત્વાકાંક્ષા છોડી દેવાનો નથી. સંતોષ એટલે જે છે તેનું મૂલ્ય સમજતાં જે નથી તે મેળવવા પ્રયત્ન કરવો. જીવનમાં આગળ વધવાની ઇચ્છા હોવી જોઈએ, પરંતુ એ ઇચ્છા જીવનની શાંતિ છીનવી લે એટલી મોટી ન બનવી જોઈએ.

બીજું એક કારણ છે પસંદગીની અતિશયતા. અગાઉ દુકાનમાં બે-ચાર વિકલ્પો હોય તો માણસ સરળતાથી વસ્તુ પસંદ કરી લેતો હતો. આજે એક જ વસ્તુની સેંકડો બ્રાન્ડ, અસંખ્ય ડિઝાઇન અને અલગ અલગ કિંમતો ઉપલબ્ધ છે. ઓનલાઇન ખરીદીમાં કલાકો સુધી સરખામણી કર્યા પછી પણ મનમાં શંકા રહે છે કે કદાચ બીજો વિકલ્પ વધુ સારો હોત! રેસ્ટોરાંમાં શું ખાવું, કઈ ફિલ્મ જોવી, ક્યાં ફરવા જવું કે કયો ફોન ખરીદવો એ નક્કી કરવામાં જ ઘણો સમય પસાર થાય છે. સુવિધાઓએ પસંદગી વધારી છે, પરંતુ નિર્ણય લેવાની સરળતા ઘટાડી છે. બધું જ મળવાની શક્યતાએ યોગ્ય પસંદગી ન કરી શકવાનો ડર ઊભો કર્યો છે.

આજના માણસની બીજી મુશ્કેલી છે દરેક બાબતને આંકડામાં માપવાની ટેવ. કેટલા રૂપિયા કમાયા, કેટલા ફોલોઅર્સ વધ્યા, કેટલા લાઇક્સ મળ્યા, કેટલા પગલાં ચાલ્યા, કેટલા કલાક કામ કર્યું અને કેટલા લોકો આપણને ઓળખે છે. જીવનની સફળતા પણ જાણે આંકડાઓમાં માપવામાં આવવા લાગી છે. કોઈ વ્યક્તિએ સારું કામ કર્યું હોય તો પણ તેને કેટલા લોકોએ વખાણ્યું તેની ચિંતા રહે છે. હવે કામનો આનંદ માણવા કરતાં તેની પ્રશંસા મેળવવી વધુ મહત્ત્વની બની રહી છે. જે ખુશી પહેલાં મનમાં અનુભવાતી હતી તે હવે બીજાની પ્રતિક્રિયા પર આધારિત થવા લાગી છે.

સોશિયલ મીડિયાએ આ માનસિકતાને વધુ વેગ આપ્યો છે. અહીં દરેક વ્યક્તિનું જીવન જાણે સંપૂર્ણ છે. કોઈ વિદેશ પ્રવાસે છે, કોઈ નવી કાર ખરીદે છે, કોઈ મોંઘી રેસ્ટોરાંમાં જમે છે તો કોઈ પોતાની સફળતાની ઉજવણી કરે છે. પરંતુ આ તસવીરો પાછળની લોન, મુશ્કેલીઓ, પારિવારિક મતભેદો કે વ્યક્તિગત સંઘર્ષ દેખાતા નથી. આપણે બીજાના જીવનની પસંદગીની ક્ષણો સાથે પોતાની રોજિંદી જિંદગીની સરખામણી કરીએ છીએ. પરિણામે પોતાની પાસે જે છે તેનો આનંદ માણવાને બદલે જે નથી તેની ખોટ વધુ સાલે છે.

એક નવો વિરોધાભાસ પણ જોવા મળે છે. ટેકનોલોજીએ આપણો સમય બચાવ્યો છે, પરંતુ બચેલો સમય પણ આપણે વધુ કામમાં ભરી દીધો છે. અગાઉ રસોઈમાં કલાકો જતા હતા, હવે તૈયાર ખોરાક મળે છે. અગાઉ બેંકમાં જવું પડતું હતું, હવે મોબાઇલથી કામ થઈ જાય છે. ખરીદી માટે બજારમાં જવું પડતું હતું, હવે ઘરે બેઠાં ખરીદી થાય છે. આમ છતાં માણસ પાસે પોતાના માટે સમય નથી. કારણ કે સમય બચતાં આપણે આરામ કરવાનું શીખ્યા નથી, પરંતુ વધુ કામ કરવાની જવાબદારી સ્વીકારી લીધી છે. જાણે વ્યસ્ત રહેવું એ જ સફળતાનું પ્રમાણપત્ર બની ગયું હોય!

આર્થિક વ્યવસ્થાએ પણ ઇચ્છાઓને સતત જીવંત રાખવાનું કામ કર્યું છે. સરળ હપ્તા, ક્રેડિટ કાર્ડ અને બાય નાઉ પે લેટર જેવી સુવિધાઓને કારણે વસ્તુ ખરીદતાં પહેલાં તેની કિંમત ચૂકવવાની ચિંતા ઓછી થઈ છે. પરિણામે માણસ પોતાની આવક કરતાં જીવનશૈલી મોટી બનાવે છે. આજે ખરીદેલી વસ્તુનો આનંદ થોડા દિવસ રહે છે, પરંતુ તેના હપ્તા મહિનાઓ સુધી ભરવા પડે છે. આવક વધે છે તેમ ખર્ચ પણ વધે છે. અંતે વધુ કમાણી કરવા છતાં આર્થિક સ્વતંત્રતાનો અનુભવ થતો નથી.

સંબંધોમાં પણ સંતોષનું સ્થાન અપેક્ષાઓએ લીધું છે. પરિવારના સભ્યો એક જ ઘરમાં રહે છે, પરંતુ દરેક વ્યક્તિ પોતાની સ્ક્રીનમાં વ્યસ્ત છે. માતા-પિતાને બાળકો માટે સમય નથી અને બાળકોને માતા-પિતા સાથે વાત કરવાની ટેવ રહી નથી. મિત્રતા પણ ક્યારેક મેસેજ અને ઇમોજી સુધી સીમિત થઈ જાય છે. આપણે હજારો લોકો સાથે ડિજિટલ રીતે જોડાયેલા છીએ, પરંતુ મુશ્કેલીના સમયે નિખાલસ વાત કરી શકાય એવા લોકો ઓછા થતા જાય છે. સંપર્કોની સંખ્યા વધી છે, સંબંધોની ઊંડાઈ ઘટી છે.

આ સમસ્યાનો ઉકેલ પ્રગતિથી દૂર ભાગવામાં નથી. વધુ કમાવું, સારું ઘર બનાવવું, નવી ટેકનોલોજી અપનાવવી અને જીવનમાં આગળ વધવું ખોટું નથી. પરંતુ પ્રગતિની સાથે જીવન માણવાની કળા પણ જાળવવી જરૂરી છે. દરેક નવી વસ્તુ ખરીદતાં પહેલાં તેની ખરેખર જરૂર છે કે માત્ર બીજાને જોઈને ઇચ્છા થઈ છે તે વિચારવું જોઈએ. દિવસમાં થોડો સમય મોબાઇલથી દૂર રહી પરિવાર સાથે વિતાવવો જોઈએ. દરેક સિદ્ધિનો આનંદ માણવો અને દરેક ક્ષણને બીજી કોઈ સફળતા સાથે સરખાવવાનું બંધ કરવું જોઈએ.



સંતોષનો અર્થ મહત્ત્વાકાંક્ષા છોડી દેવાનો નથી. સંતોષ એટલે જે છે તેનું મૂલ્ય સમજતાં જે નથી તે મેળવવા પ્રયત્ન કરવો. જીવનમાં આગળ વધવાની ઇચ્છા હોવી જોઈએ, પરંતુ એ ઇચ્છા જીવનની શાંતિ છીનવી લે એટલી મોટી ન બનવી જોઈએ.

હકીકતમાં માણસની સૌથી મોટી ગરીબી ઘણી વખત પૈસાની નહીં, પણ સંતોષની હોય છે. જેની પાસે ઓછું છે તે વધુ મેળવવા માટે ચિંતિત છે અને જેની પાસે ઘણું છે તે ગુમાવવાના ડરથી પરેશાન છે. આપણે સુખને ભવિષ્યની કોઈ તારીખ સાથે જોડી દીધું છે. વધુ કમાઈ લઈએ પછી સુખી થઈશું, મોટું ઘર લઈ લઈએ પછી આનંદ કરીશું, નિવૃત્ત થઈશું પછી મનગમતું જીવન જીવીશું! પરંતુ આ બધું થાય ત્યાં સુધી વર્તમાન હાથમાંથી સરકી જાય છે.

જીવનનો હેતુ માત્ર વધુ મેળવવાનો નથી, પરંતુ જે મેળવ્યું છે તેને માણવાનો પણ છે. કારણ કે ઇચ્છાઓની કોઈ અંતિમ સીમા નથી, જ્યારે જીવનનો સમય મર્યાદિત છે. માણસે સંપત્તિ, સુવિધા અને સફળતાની સાથે સંતોષ પણ વધારવો પડશે. નહીં તો એક દિવસ તેની પાસે બધું હશે, પરંતુ એ બધું માણવા માટે મનમાં ખુશી જ નહીં હોય. કદાચ આજના યુગનો સૌથી મોટો વિરોધાભાસ એ જ છે કે માણસે સુખી થવાનાં સાધનો તો અસંખ્ય એકઠાં કર્યાં છે, પણ સુખી રહેવાની કળા ગુમાવી દીધી છે.